બાપુ કૉલેજમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને ઉદ્યોગ સાહસિકતાની જાગૃતતા અંગેની મિટીગ યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમા વિવિધ અભ્યાસક્રમ જેવા કે ઈજનેરી, ફાર્મસિ, લો, નર્સિગ, સાયન્સ એન્ડ કોમર્સમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાની જાગૃતતા લાવવાના હેતુથી બડા બિઝનેસ પ્રા.લિ માલિક ડો.વિવેક બિન્દ્રાની ટીમ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડો.વિવેક બિન્દ્રા એક પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય પ્રેરક વક્તા અને નેતૃત્વ ટ્રેનર છે. તેની પાસે ૨૫ દેશોમાં ફેલાયેલા ૧,૫૦૦ જેટલા ગ્રાહકો છે. તેઓ શ્રીમદ્ ભગવદ્ ગીતા ના સાર માથી મેનેજમેન્ટ સોલ્યુશન્સ ના વિવિધ પાસાઓ મોટા મોટા ઈન્ડ્ટ્રીયલ, કોર્પોરેટ અને ટેકનિકલ જગત સાથે જોડાયેલ વ્યક્તિઓને શિખવે છે. અત્યારે ડો.વિવેક બિન્દ્રા અને તેની ટીમ કોર્પોરેટ જગત નો આ કન્સેપ્ટ એજ્યુકેશન ફિલ્ડ મા પણ લાવવા માંગે છે. આ હેતુ થી બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ માં આ કન્સેપ્ટ ના અમલ કરવા ની પુર્વ તૈયારી ના ભાગ રુપે ની મિટીગ યોજી હતી.

મીટિંગ દરમિયાન વિદ્યાર્થીઓના વિકાસ અને તાલીમના વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી અને આવનારા સમય મા ડો.વિવેક બિન્દ્રાના નેતૃત્વમાં કેમ્પસમાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા અંગે ના પાઠ ડો.વિવેક બિન્દ્રાની ટીમ દ્વારા શીખડાવવામા આવશે. આ મીટીગ મા કેમ્પસના ડાયરેક્ટર, કેમ્પસની તમામ સંસ્થાઓના આચાર્યો અને તાલીમ અને પ્લેસમેન્ટ અધિકારી પ્રો.પાર્થ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાકૃતિક જીવનશૈલી જ નિરામય અને દીર્ઘાયુ જીવન પ્રદાન કરી શકે : રાજયપાલ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે કે, કોરોના સંક્રમણના કપરા કાળમાં વૈદિક સંસ્કૃતિ અનુસાર પ્રાકૃતિક જીવનશૈલી જ નિરામય અને દીર્ઘાળુ જીવન પ્રદાન કરી શકે છે.

ગુરુકુળ કાંગડી વિશ્વ વિદ્યાલય, હરિદ્વાર દ્વારા કોવિડ-૧૯ સંક્રમણમાં વેદ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીની પ્રાસંગિકતા' વિષયક યોજાયેલા વેબીનારને રાજભવન ખાતેથી સંબોધન કરતા રાજયપાલે જણાવ્યું હતું કે વેદોાં દર્શાવેલા સર્વકાલીન જીવન સિદ્ધઆંતોને અનુસરીને સંયમિત જીવન અને યોગ્ય આહાર-વિહાર દ્વારા મનુષ્ય નિરામય અને દીર્ઘાળુ જીવન જીવી શકે છે. રાજયપાલએ શરીરના સ્વાસ્થ્ય સાથે મનના સ્વાસ્થ્યને પણ મહત્ત્વનું ગણાવી ઉમેર્યું હતું કે, શારીરિક અને માસનિક સ્વાસ્થ્ય માટે વેદોમાં વર્ણીત પ્રાકૃતિક જીવન શૈલી તેમજ સાયન્સ અને ટેકનોલોજીનો હિતકારી ઉપયોગ આવશ્યક છે. રાજયપાલ સાત્ત્વિક દીનચર્યા ઉત્તમ સ્વાસ્થ્યનું પ્રથમ પગથિયં હોવાનું જણાવી ઉમેર્યું હતું કે, વેદ એ ભૌતિક અને આધ્યાત્મિક ક્ષેત્રે વિશ્વને માર્ગદર્શન પૂરું પાડે છે. રાજયપાલે આયુર્વેદ, યોગ-પ્રાણાયામ, યજ્ઞ-યાગાદી, સૂર્યોપાસનાનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે માનવીના સર્વાંગી વિકાસનું ઈશ્વરીય ચિંતન ધરાવતા વેદો એક રીતે વિજ્ઞાન જ છે. તેમણે શાહકાર અને હકારાત્મક જીવનશૈલી ઉપર હકારાત્મક જીવનશૈલી ઉપર ભાર મૂકી રાસાયણિક કૃષિથી ઉત્પાદિત થતાં ખાદ્યાન્નથી થતી અસાધ્ય બિમારીઓથી છુટકારો મેળવવા પ્રાકૃતિક કૃષિને અપનાવવા પણ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગુરુકુળ કાંગડી વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. સત્યપાલ સિંહે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, સંસ્કૃતિ અને સંસ્કારોને છોડીને સ્વસ્થ જીવનનું ચિંતન શક્ય નથી. તેમણે વૈદિક ચિંતન અને સાયન્સ અને ટેકનોલોજીના જ્ઞાનના સમન્વયથી કોરોના જેવી સમસ્યાનો સામનો કરવા અનુરોધ કરી વેદ માર્ગદર્શિત જીવનશૈલી અપનાવવા અનુરોધ કર્યો કાર્યક્રમની શરુઆતમાં આ બે દિવસીય સેમિનારના અધ્યક્ષ પ્રો. કર્મજીત ભાટિયાએ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરી કાર્યક્રમની રુપરેખા અને ઉદ્દેશ રજૂ કર્યા હતા. જયારે ગુરુકુળના કુલપતિ પ્રો. રુપકિશોર શાસ્ત્રીએ કોરોના મહામારીના સામના માટે ભારતીય ચિંતન અને વૈદિક જીવન પદ્ધતિની હિમાયત કરી હતી. આ પ્રસંગે યોજાયેલા તકનીકી સત્રોમાં તજજ્ઞોએ માર્ગદર્શન આપ્યું હતું.

ડાયરેક્ટ સે

બધા કહે છે કે
કામ હોય તો
યાદ કરજો
સાહેબ...
પણ જયારે
કામ પડ્યું ત્યારે
બધા કામમાં
હતા...

જન્મદિને વધામણી

રમીલાબેન કાંતિભાઈ પરમાર
ગાંધીનગર મહાનગર ભાજપ
મો. ૯૯૨૫૭ ૧૫૦૧૧

શિલ્પા ભરત દેસાઈ
પ્રેસીડેન્ટ, ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર
મો. ૮૧૬૦૧ ૨૯૫૮૧

ચાર્વી અનિલ પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

સ્પેશિયલ ઓલિમ્પિક્સ ગુજરાત દ્વારા રાષ્ટ્રકક્ષાની વર્ચ્યુઅલ ટેબલ ટેનિસ સ્પર્ધા સંપન્ન

ગાંધીનગર, તા. ૩૦

સ્પેશિયલ ઓલિમ્પિક્સ ગુજરાત દ્વારા તાજેતરમાં રાષ્ટ્રકક્ષાની વર્ચ્યુઅલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧ રાજ્યોના ૨૪૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ઉલ્લેખનીયછે કે સ્પેશિયલ ઓલિમ્પિક્સ ગુજરાત દ્વારા આ ચેમ્પિયનશીપનું આયોજન છેલ્લાં ૪૫ વર્ષથી થઈ રહ્યું છે. ચેમ્પિયનશીપ અંતર્ગત સૌપ્રથમ દરેક સ્પેશિયલ એથલીટનો પ્રિલીમનરી વિડીયો મગાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ઓફિશિયલ ટીમે તેની ચકાસણી કરીને ડિવિઝનિંગ કર્યું હતું અને ચાલ અલગ ગ્રૂપમાં ખેલાડીઓને વિભાજિત કર્યા હતા. આ ચેમ્પિયનશીપમાં ગુજરાત ઉપરાંત, બિહાર, દિલ્હી, હરિયાણા, ઝારખંડ, મહારાષ્ટ્ર, ઓડિસા, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાંચલ એમ ૧૧ રાજ્યોના ૧૭૭ ભાઈઓ અને ૭૦ બહેનો મળી કુલ ૨૪૭ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. ઓફિશિયલ ટીમ મેમ્બર તરીકે સ્પેશિયલ ઓલિમ્પિક ભારત-ગુજરાતના ચેરમેન ડી જી ચૌધરી, ગુજરાત એરિયા ડાયરેક્ટર આર જે ચૌધરી, સ્પોર્ટ્સ ડાયરેક્ટર કમલેશ પટેલ, ટ્રસ્ટી જગદીશભાઈ ચૌધરી, વિષ્ણુભાઈ ચૌધરી, જિજ્ઞેશભાઈ ઠક્કર, તુષારભાઈ જોગલેકર, શૈલેન્દ્રસિંહ પરમાર, દિલીપ ચૌધરી, જિજ્ઞેશ રાવલ અને વિકાસ અગ્રવાલ તથા ટેકનીકલ ટીમ મેમ્બર તરીકે રીપાલ રાવલ, મુકેશ ગોસ્વામી અને પિયુષ પ્રજાપતિ દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી.

ચેમ્પિયનશીપના અંતે ઓનલાઈન પૂર્ણાહુતિ સમારોહમાં ૩૮ ગોલ્ડ, ૩૪ સિલ્વર અને ૨૧ બ્રોન્ઝ મળી કુલ ૯૩ મેડલ તથા પ્રમાણપત્રો સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારતના ચેરમેન સતીષ પિલ્લાઈ, સીઈઓ ડેન્ઝિલ કિલર, એશિયા પેસિફિક પ્રેસિડેન્ટ અને મેનેજિંગ ડિરેક્ટર દિપક નતાલીની ઉપસ્થિતિમાં વિજેતા ખેલાડીઓને નામે જાહેર કરવામાં આવ્યાં હતાં. સમગ્ર સમારોહનું સંચાલન સ્પેશિયલ ઓલિમ્પિક્સ ગુજરાતના કો-ઓપ્ટ ટ્રસ્ટી જિજ્ઞેશ રાવલ દ્વારા કરવામાં આવ્યુંહતું.

બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે "illumination" વિષય પર વેબિનાર યોજાયો

ગાંધીનગર,તા. ૩૦

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્જીનીયર્સસ્ટુડન્ટ ચેપટર ઈલેક્ટ્રિકલ એન્જી દ્વારા "illumination" વિષય પર વેબિનાર યોજાયો.જેમાં એક્સપર્ટ તરીકે એન્જીનીયર હેમંત જોષી (ટેક્નિકલ કન્સલટન્ટ,ઓસ્ટ્રેલિયા) ઉપસ્થિત રહ્યા હતા.તેમણે લાઈટિંગ મેઝરમેન્ટ યુનિટ્સ,લાઈટિંગ સિસ્ટમ્સ એન્ડ એપ્લિકેશન્સ જેવી કે કોમર્શિયલ લાઈટિંગ,સ્ટ્રીટ લાઈટિંગ ,ટાસ્ક લાઈટિંગ,એસ્થેટિક ડેકોરેટિવ લાઈટિંગ ,ઈમર્જન્સી લાઈટિંગ,સિક્યુરિટી લાઈટિંગ,ડિફરન્ટ ટાઈપ ઓફ લેમ્પ્સ, ફેક્ટર્સ અફેક્ટીન્ગ લ્યુમિનન્સ વિષે રસપ્રદ માહિતી આપી હતી.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે વર્ક ઇઝ વર્શિપ તથા ચારુતર વિદ્યામંડળના યુથ ડેવલપમેન્ટના વિઝન પર સતત પ્રયત્નશીલ રહેલી બીવીએમ ખાતે કોવિડ-૧૯ પેંડેમીક લોકડાઉંન માં ઘણા આંતરરાષ્ટ્રીય ટેકિનકલ



કોફ્લેવ,વેબિનાર,ટ્રેનિંગ પ્રોગ્રામ તથા વર્કશોપ યોજાયા છે જેના થકી બીવીએમ ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા વિદ્યાર્થીઓ ના સ્કિલ ડેવલપમેન્ટ તથા નોલેજ અપગ્રેડેશન માં પાયોનિયર સાબિત થયું છે.આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે ફ્લોરોસન્ટ લેમ્પ થી શરુ થઈને એનર્જી સેવિંગ એન્ડ એફિસિએંટ લાઈફ સ્પાન ધરાવતા એલ.ઈ.ડી લેમ્પ સુધીના એડવાન્સમેન્ટ ને અનુલક્ષી ને ઉપરોક્ત વેબિનારનું આયોજન સરાહનીય છે.ડૉ.આર.પી.મહેતા (હેડ,ઈલેક્ટ્રિકલ એન્જી) એ જણાવ્યું હતું કે ઉપરોક્ત વેબિનાર નો મૂળભૂત ઉદ્દેશ્ય અલગ અલગ લાઈટિંગ સિસ્ટમ તથા તેની એપ્લિકેશન, illumination ને લગતા ફેક્ટર્સ વિષે વિદ્યાર્થીઓ ને માહિતગાર કરવાનો હતો.ઉપરોક્ત વેબિનાર માં ઈવેન્ટ કોર્ડીનેટર્સ પ્રો.મનીષ સિંહા (ચેરમેન, I.E.I સ્ટુડન્ટ ચેપટર,ઈલેક્ટ્રિકલ એન્જી),પ્રો.યોગેશ પ્રજાપતિ (ફેકલ્ટી એડવાઈઝર,I.E.I સ્ટુડન્ટ ચેપટર,ઈલેક્ટ્રિકલ એન્જી) ઉપસ્થિત રહ્યા હતા.અંતે પ્રો.અક્ષય પંડ્યા (પી.જી કોર્સીસ કોર્ડીનેટર,બીવીએમ) એ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી એકમ કસોટી તારીખ ૨૯ અને ૩૦ આપેલા સમય પ્રમાણે યોજવામાં આવી હતી. બાળકોને આ કસોટી માટે શાળા દ્વારા પુનરાવર્તન પણ કરાવવામાં આવ્યું હતું. અને બાળકો જેમ શાળામાં પરીક્ષા આપે તે જ રીતે ઓનલાઈન ઝૂમ ક્લાસ દ્વારા ખુબ જ શાંતિપૂર્ણ રીતે આ કસોટી યોજવામાં આવી હતી. ઝૂમ ક્લાસમાં શિક્ષકોના નિરીક્ષણ હેઠળ આપેલા સમય દરમિયાન બાળકોએ ઘરે બેસી શાળાની જેમ જ પરીક્ષા આપી હતી.

ખેડા પોલીસ દ્વારા પ્રોજેક્ટ યોગ પ્રહરી-૪ ઓગસ્ટથી શરૂ થશે

નડિયાદ, તા. ૩૦

ખેડા જિલ્લા પોલીસ ટીમના સભ્યોની રોગ પ્રતિકારક શક્તિ વધારવા અને કોવિડ-૧૯ મહામારી સામે સારી રીતે લડવા જીલ્લા પોલીસ અધિક્ષક દિવ્ય મિશ્ર, આઈપીએસ દ્વારા પ્રોજેક્ટ યોગ પ્રહરી તા. ૧૧મી મે, ૨૦૨૦થી શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટમાં દરરોજ ૧૦ મિનિટ માટે યોગીક શ્વાસોચ્છ્વાસ લેવાની કવાયત એટલે કે 'પ્રાણાયામ' એક પણ દિવસ ચૂક્યા વિના તા. ૩૦મી મે, ૨૦૨૦દિવસ માટે કરવાનો પડકાર હતો.

આ પ્રોજેક્ટ યોગ પ્રહરી-૧માં ખેડા જિલ્લા પોલીસના અધિકારીઓએ ૨૧ દિવસના પડકારમાં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અને ૪ અધિકારીઓએ ખૂબ જ રસ દાખવી આ પડકાર ૧૦૦ ટકા સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો. જયારે ૧૦ અધિકારીઓએ ૭૫ ટકા ઉપરાંત દિવસો પ્રાણાયામ કરવામાં સફળતા મેળવી હતી.

ત્યારબાદ ૧લી જુનથી ૩૦ જુન, ૨૦૨૦ સુધી ૧૭ અધિકારીઓ પડકાર ઝીલી ૧૦૦ સફળતાપૂર્વક યોગપ્રહરી-૨ પ્રોજેક્ટ પૂર્ણ કર્યો હતો. અન્ય ૬૪ અધિકારીઓએ ૭૫ ટકા ઉપરાંત દિવસો સુધી પ્રાણાયામ કર્યો હતો.

ત્યારબાદ ૬ઠ્ઠી જુલાઈથી ૨૬ જુલાઈ, ૨૦૨૦ સુધી ૭૩૧ અધિકારીઓ જોડાયા હતા, તેમાંથી ૧૨૫ અધિકારીઓ પડકાર ઝીલી ૧૦૦ સફળતાપૂર્વક યોગપ્રહરી-૩ પ્રોજેક્ટ પૂર્ણ કર્યો હતો. અન્ય ૨૦૭ અધિકારીઓએ ૭૫ ટકા ઉપરાંત દિવસો સુધી પ્રાણાયામ કર્યો હતો.

આમ પ્રોજેક્ટ યોગપ્રહરીની ઉત્તરોત્તર સફળતાને ધ્યાને રાખીને તથા કોરોના સંક્રમની ગંભીરતા સમજીને તા. ૧લી ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ સુધી ૩૧ દિવસ પ્રોજેક્ટ યોગપ્રહરી-૪ ના નિયમોને થોડા કડક બનાવી દરરોજ ૧૫ મિનિટ પ્રાણાયામ કરવાનો લક્ષ્ય આપી શરુ કરવામાં આવશે. જેમાં ખેડા જિલ્લા પોલીસના તમામ પોલીસ અધિકારી - કર્મચારીઓએ સ્વૈચ્છાથી જોડાઈ પ્રાણાયામ કરે તેવો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

સામાજિક સમરસતાનું અનુપમ કેન્દ્ર બનશે શ્રીરામ જન્મભૂમિ મંદિર : મિલિંદ પરાંડે

ગાંધીનગર, તા. ૩૦

વિશ્વ હિન્દૂ પરિષદના કેંદ્રિય મહામંત્રી મિલિંદ પરાંડેએ આજ રોજ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે એમને આનંદ છે કે મર્યાદા પુરુષોત્તમ શ્રીરામની જન્મ ભૂમિના સંબંધમાં આ પત્રકાર વાર્તા એવા પાવન સ્થાન પર થઈ રહી છે, કેજે ડૉ હેડગેવારજી દ્વારા સંઘ ગંગા, તેમજ ડૉ બાબા સાહેબ આંબેડકરજીની દિક્ષા ભૂમિમાંથી સમતા ગંગાનું ઉદગમ સ્થાન રહ્યું. મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામે સામાજિક સમરસતા તેમજ સશક્તિકરણનો સંદેશ પોતાના જીવનથી આપ્યો છે. એમના મંદિરના પૂજનમાં ઉપયોગ માટે દેશભરની પવિત્ર નદીઓનું પાણી તેમજ પવિત્ર તીર્થોની માટી, સંપૂર્ણ ભારતને એકાકાર કરી રાષ્ટ્રીય એકાત્મતાનું દર્શન કરાવશે. એમણે જણાવ્યું કે હજારો પવિત્ર તીર્થક્ષેત્રની માટી તેમજ પવિત્ર નદીઓનું જળ રામ જન્મભૂમિ પૂજન હેતુ દેશભરથી અયોધ્યા પહોંચાડાઈ રહ્યુંછે. જેમાં વાત સંઘના ઉદ્ગમ સ્થળ નાગપુરની હોય કે સંત રવિદાસ જન્મસ્થળની હોય, સીતામઢીના મહર્ષિ વાલ્મીકી આશ્રમની હોય કે વિદર્ભના કચારગઢની હોય, જારખંડના રામરેખા ધામની હોય, કે ટન્ટયા ભીલની પુણ્ય ભૂમિની હોય કે હરમિંદર સાહિબની હોય, ડો. આંબેડકર જન્મસ્થાન, દિલ્હી જૈન લાલ મંદિર, વાલ્મીકિ મંદિર જ્યાં ગાંધીજી ૭૨ દિવસ રોકાયા હતા. આ બધાજ માત્ર થોડાક ઉદાહરણો છે.

ગુજરાત એનસીસી ડાયરેક્ટોરેટે કારગીલ વિજય દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત એનસીસી ડાયરેક્ટોરેટ એનસીસીના મૂળ મૂલ્યો જાળવી રાખવા માટે હંમેશા સમર્પિત છે, જેમાં સામુદાયિક વિકાસમાં સહભાગીતા અને અન્ય સામાજિક

કાર્યક્રમો સામેલ કરવામાં આવ્યા છે. ડાયરેક્ટોરેટ દ્વારા ગુજરાતમાં એક મહિના સુધી અલગ અલગ સ્થળોએ 'રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. એક મહિના સુધી ચાલેલા આ અભિયાનમાં ૦૭ અધિકારીઓ, ૪૩ સ્ટાફ સભ્યો, 17 ANO અને ૩૨૦ કેડેટ્સે ૩૬૯ યુનિટ રક્તદાન કર્યું હતું. આ ઉપરાંત, વૃક્ષારોપણ પખવાડિયાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બે અઠવાડિયા દરમિયાન ૮૩૫૦ વૃક્ષો ૫૫૬૯ કેડેટ્સ અને 211 ANO દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યમાં રોપવામાં આવ્યા હતા. બંને કાર્યક્રમોનું ૨૬ જુલાઈ ૨૦૨૦ના રોજ કારગિલ વિજય દિવસના રોજ સમાપન કરવામાં આવ્યું હતું. ૨૬ જુલાઈના રોજ કેડેટ્સ માટે પ્રશ્નોતરી/ ઑનલાઈન દેશભક્તિ કવિતાઓની સ્પર્ધા તેમજ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કેડેટ્સે ઑનલાઈન ભાગ લઈને દેશ અને સાથી દેશવાસીઓની સુખાકારી તેમજ સમૃદ્ધિ માટે તેમનું જીવન સમર્પિત કરવાનું પ્રણ લીધું હતું. કારગિલ યુદ્ધ સંબંધિત પ્રેઝન્ટેશન અને પ્રેરણાદાયી વીડિયો, રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક અને કારગિલ યુદ્ધના PVC પુરસ્કારો પણ કેડેટ્સને બતાવવામાં આવ્યા હતા. કેડેટ્સે આ કાર્યક્રમમાં ખૂબ જ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો.

વૃક્ષારોપણ પખવાડિયાનું આયોજન કરવાનો મૂળ ઉદ્દેશ પર્યાવરણનું સંરક્ષણ અને તેનું સંવર્ધન કરવામાં યોગદાન આપવાનો, કેડેટ્સમાં પર્યાવરણ વિશે જાગૃતિ ફેલાવવાનો અને આપણી પૃથ્વીને બચાવવા તેમજ જેમણે રાષ્ટ્રના સાર્વભૌમત્વ માટે યુદ્ધ કરીને પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું છે તેવા કારગિલ યુદ્ધના નાયક જવાનોને શ્રદ્ધાંજલી અર્પણ કરવાનો હતો. કેડેટ્સે વૃક્ષો રોપ્યા હતા અને તેમના પરિવારજનો, સંબંધીઓ તેમજ પડોશીઓને વૃક્ષારોપણની જરૂરિયાત બાબતે તેમજ પ્રકૃતિનું સંરક્ષણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કેડેટ્સે એનસીસીમાં જોડાયા ત્યારે આપણા રાષ્ટ્રપ્રત્યે શિસ્તપૂર્ણ અને જવાબદાર નાગરિક બનવાની અને નિઃસ્વાર્થ ભાવે સામુદાયિક સેવા કરવાની તેમજ સાથી દેશવાસીઓની ચિંતામાં મદદરૂપ થવાની જે પ્રતિજ્ઞા લીધી હતી તેના પરિણામરૂપે, આ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. કેડેટ્સે પર્યાવરણના સંરક્ષણ અંગે ઘણી મોટી સંખ્યામાં શૈક્ષણિક વીડિયો અને પોસ્ટર તૈયાર કર્યા હતા જેને લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે સોશિયલ મીડિયા પર અપલોડ કરવામાં આવ્યા છે. કેડેટ્સે કારગિલ યુદ્ધ વખતે ભારતીય સશસ્ત્ર દળોએ આપેલા બલિદાન પર પ્રકાશ પાડતા પોસ્ટર અને વીડિયો પણ તૈયાર કર્યા હતા. આ પ્રવૃત્તિઓ ગુજરાતના તમામ જિલ્લામાં અમદાવાદ, વડોદરા, જામનગર, વલ્લભ વિદ્યાનગર અને રાજકોટ ખાતે આવેલા હેડક્વાર્ટર અને વિવિધ શહેરો અને નગરો જેમકે અમદાવાદ, વડોદરા, જામનગર, નવસારી, ભરૂચ, રાજપીપળા, ભૂજ, સુરેન્દ્રનગર, હિંમતનગર અને અન્ય ઘણા સ્થળે આવેલા યુનિટ્સના સ્ટાફ અને કેડેટ્સ દ્વારા હાથ ધરવામાં આવી હતી.